અપીલ અરજી નં.૧૩૮/ ૦૮–૦૯ તા. ૨૭–૮–૦૮

અરજદાર: શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ અને જાહેર માહિતી અધિકારી ( જાહેર બાગ બગીચા ખાતુ)

## હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૧૪–૮–૦૮ ની અરજીથી સુરત શહેર મહિધરપુરા ધિયાશેરી નાકેઘ.નં.૫/૮૫૮ ની સામે તેમજ મહિધરપુરા જદાખાડીના નાકે લુહાર ટેકરા સામે ઝાડ છાંટવાની ફરીયાદ તા.૧૬–૭–૦૮ તેમજ ૧૭–૭–૦૮ના રોજ જીજ્ઞેશભાઈ વ્યાસે ફરીયાદ કરેલ તો શા માટે આજદિન સુધી ઝાડ છાંટવામાં આવ્યા નથી અને કરદાતા ઝાડ છાંટવાની ફરીયાદ કરે તો તે ફરીયાદનો નિકાલ કેટલા દિવસમાં થવો જોઈએ. ફરીયાદ નિકાલ કરવાના સમયમાં ફરીયાદનો નીકાલ ન થાય તો અધિકારી અને કર્મચારીપર કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે. માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૮/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૧૪–૮–૦૮ ની અરજીથી સુરત શહેર મહિધરપુરા ધિયાશેરી નાકે ઘ.નં. ૫/૮૫૮ ની સામે તેમજ મહિધરપુરા જદાખાડીના નાકે લુહાર ટેકરા સામે ઝાડ છાંટવાની ફરીયાદ તા.૧૬–૭–૦૮ તેમજ ૧૭–૭–૦૮ ના રોજ જીજ્ઞેશભાઈ વ્યાસે ફરીયાદ કરેલ તો શા માટે આજદિન સુધી ઝાડ છાંટવામાં આવ્યા નથી અને કરદાતા ઝાડ છાંટવાની ફરીયાદ કરે તો તે ફરીયાદનો નિકાલ કેટલા દિવસમાં થવો જોઈએ. ફરીયાદ નિકાલ કરવાના સમયમાં ફરીયાદનો નિકાલ ન થાય તો અધિકારી અને કર્મચારીપર કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે. માહિતી આપવા બાબતે ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.પીપીજી/આ.૬૩૨ તા.૨૨–૮–૦૮ થી આપેલ માહિતી માંગેલ તે માહિતી કરતા અલગ અને ખોટી આપેલ છે. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૮ તા.૨–૯–૦૮થી ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓ તરફથી પીપીજી/આ.નં.૭૫૨ તા.૨૦–૯–૦૮ થી પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ.

અરજદારે મુળ અરજીમાં તા.૧૬–૭–૦૮ તથા તા.૧૭–૭–૦૮ જીગ્નેશ વ્યાસ બાબતે કરેલી રજુઆતનો જવાબ આપેલ છે. પરંતુ કામના નિકાલની સમય મર્યાદા બાબતે કોઈ માહિતી આપેલ નથી. જે સ્વયં જાહેર કરવા હેઠળ પણ આવે. તથા સમય મર્યાદામાં નિકાલ ન થાય તો જવાબદારો સામે પગલાંની માહિતી પૂરી પાડેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૮–૦૮ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પાડેલ ઉપરોકત માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી,(જાહેર બાગ બગીચા ખાતુ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ.પટેલ,